સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

લાંચના હપ્તાથી જવાબદારી ભડથું થાય છે,
ભૂલે ભાન કર્તવ્યનું ફરજ ભડથું થાય છે.
ભડથું થાય છે જીવ ખાયકીના કેરોસીનથી -
ને ગરીબનાં આશા-અરમાનો ભડથું થાય છે...
(નશીબ અજમાવવા આવ્યો'તો, ભાગ્ય ભડથું થઈ ગયું)

હાઈકુ

શ્રમજીવીનાં
આશા ને અરમાન -
થયાં ભડથું

ભરખી ગયો
આપત્તિનો અગન
થયાં ભડથું!

ચિંતન

અકામો ધીરો અમૃતઃ સ્વયંભૂઃ રસેન તૃપ્તો ન કૃતશ્ચનોનઃ ।
તમેવ વિદ્વાન્ ન વિભાય મૃત્યોરાત્માનં ધીરમજરં યુવાનમ્ ॥

ઉપરોક્ત શ્લોક અર્થર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

પરમાત્મા નિઃસ્વાર્થ ભાવથી ધૈર્યપૂર્વક પ્રાણીઓની સેવા કરે છે. જેઓ પરમાત્માના આ ગુણોને અનુસરે છે તેઓ નિર્ભય થઈને સદૈવ આનંદ મેળવે છે.

પરોપકાર ઈશ્વરનો એક મહાન ગુણ છે. આ ગુણને અપનાવીને આપણે પ્રભુકૃપા પ્રાપ્ત કરી શકીએ છીએ. આ માનવ શરીર આપણને મળ્યું છે તેની સાર્થકતા પણ પરમાર્થ જ છે. પરોપકાર સમાન કોઈ ધર્મ નથી. જેનું મન પરહિતમાં લાગી જાય છે તેના માટે સંસારમાં કશુંય દુર્લભ રહેતું નથી. જેના મન વચન અને કર્મમાં પરોપકારની ભાવના હોય છે તે જ સંતજન કહેવાય છે.

જે શરીરથી ધર્મ ન થયો, યજ્ઞ ન થયો અને પરોપકારનું કાર્ય ન થયું તે શરીરને ધિક્કાર છે. પરોપકાર ચારિત્ર્યની દિવ્યતાનું પ્રતીક છે.

સુવિચાર

- માણસ કોઈને ખોટું ના લાગે એના માટે ઘણું બધું ખોટું બોલતો હોય છે - **અમૃતબિંદુ**
- 'સંતોષ' રોગીને નિરોગી કરવા માટે એક પરમ ઓષધ છે - **ડેવિડ વ્હીફલ**
- મંદિરનો ઘંટ બીજાને બોલાવે છે, પણ પોતે કોઈ ઉપદેશ સાંભળતો નથી - **બોધિવૃક્ષ**
- કેદમાંથી છોડાવનાર જૂઠ કરતાં કેદમાં મોકલનાર સત્ય ઉત્તમ છે - **શેખ સાદી**
- લક્ષ્યની સિદ્ધિ અન્યાય અને અનીતિથી નહીં, સત્ય અને ધર્મથી જ થઈ શકે છે - **રામકૃષ્ણ પરમહંસ**
- કજિયો કરવો હોય તો બોલો આડું ને ખેતી કરવી હોય તો જોડો ગાડું - **ગુજરાતી કહેવત**
- આજનું ઔષધ : લાંબા સમય સુધી વધુમા માત્રામાં માસિક આવતું હોય એવી બહેનોએ આખો ઉનાળો એક ટંક ભોજન છોડી માત્ર પાકેલી કેરી ખાવાથી રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

ધનવાન શેઠ નાણાની ભરેલી થેલી લઈ સંતના ચરણમાં ભેટ ધરી. હૈયામાં લક્ષ્મીનો ભારોભાર મદ ભર્યો હતો. છતાં વિનમ્રતાનો દેખાવ કર્યો. શેઠના મનમાં એમ કે આશીર્વાદથી મારા તમામ પાપો ધોવાઈ જશે. પણ સંતે વ્યવહારની જરાયે પરવા કર્યા વિના કહ્યું, 'શેઠ, તમારા રૂપિયાની થેલી પરત લઈ આપ ઘરે જાઓ. મારે કોઈના રૂપિયાની જરાય જરૂર નથી.' શેઠ ને તો આશ્ચર્ય થઈ ગયું. સંતે કહ્યું, 'જુઓ શેઠ, ધારો કે તમે તમારી પુત્રીના લગ્ન લીધા છે. જાન આંગણે આવીને ઊભી છે. એવા શુભ પ્રસંગે કોઈ મૂર્ખ માણસ આવી ચડે અને તમારા ગાલીચા, ગાદી, તકિયા, સજાવટ પર કચરો ફેંકીને એને ખરાબ કરે તો એવે વખતે તમારી હાલત કેવી થાય?' શેઠે કહ્યું, 'તો તો હું એ મૂર્ખના હાડકાં જ ખોખરાં કરી નાખું.' સંતે કહ્યું, 'જુઓ શેઠ, આપની અને મારી વાત એવી જ છે. ઈશ્વરપ્રાપ્તિ માટે મેં મારા અંતરનો ઓરડો વાળીઝૂડી ને સાફ કર્યો છે. સંસારી વસવાટથી દૂર નદી કિનારે રહેવાનું રાખ્યું છે. પ્રભુની ભક્તિ કરવા મનના બધા મેલ ધોઈ નાખ્યા છે. આવા વખતે તમે તમારા પાપની કમાઈ જેવો ધનરુપી કચરો એમાં નાખવા આવ્યા છો. તો હવે તમે કહો મારે તમારી સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ? આપ ઘરે જાઓ અને મારા ભક્તિયજ્ઞમાં બાધા ન નાખો.' એ સંત હતા મથુરદાસજી.

મહારાષ્ટ્રમાં ભાજપની ભાંજગડ

તંત્રીસ્થાનેથી...

મહારાષ્ટ્રમાં કોંગ્રેસના વર્ષો જૂના પ્રભાવને ઝાંખો પાડવામાં એક તરફ શિવસેનાનો વાગ આક્રમક બની ઝઝૂમતો રહ્યો અને બીજી તરફ ગ્રામીણ વિસ્તારોમાં લોકશક્તિને એની વિરુદ્ધ કરવાનું કામ ગોપીનાથ મુંડે જેવા લોકનેતાઓએ ઉપાડી લીધું હતું. મુંબઈમાં શિવસેનાએ મરાઠી માણૂસના નામે બઘડાટી બોલાવી હતી તેમ મુંબઈ બહારના વિસ્તારોમાં ગોપીનાથ મુંડે અને એકનાથ ખડસે જેવા આગેવાનો ઊપસી આવ્યા હતા. આ આગેવાનો ભારતીય જનતા પાર્ટીના પ્રતીક પર લડતા હતા. પ્રમોદ મહાજન જેવા ભદ્ર અને શાલીન નેતાની બહેન સાથે વણઝારા સમાજમાંથી આવતા ગોપીનાથ મુંડેએ લગ્ન કર્યાં તે ભદ્ર સમાજ અને લોક વચ્ચે સેતુરુપ ઘટના હતી. શરદ પવારે સોનિયા ગાંધીના ઈટાલિયન મૂળનો વાંધો ઉઠાવી કોંગ્રેસ છોડી નવો પ્રાદેશિક પક્ષ રચી કોંગ્રેસની કમ્મર તોડી નાખી હતી. નાગપુરમાં છેક ૧૯૨૫થી ચાલતી સંઘ પ્રવૃત્તિએ ભાજપ અને શિવસેના વચ્ચે સેતુરુપ ભૂમિકા ભજવી અને આખરે કોંગ્રેસનો ગઢ ગણાતું મહારાષ્ટ્ર એના પંજામાંથી સરકતું ગયું. મોદીના રાજકીય ઉદયમાં બાળા સાહેબ ઠાકરેનો ઓછો ફાળો નથી. એમને લત્તા મંગેશકર જેવાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતાં સ્વરકોકિલાના આશીર્વાદ પણ મળ્યા હતા. પરંતુ સ્થાનિક સ્તરે ભારતીય જનતા પાર્ટીના સાચા જનનાયક તો ગોપીનાથ મુંડે જ હતા. પ્રમોદ મહાજન અને નીતિન ગડકરી શહેરી સમાજના નેતાઓ હતા. મુંડેના વધતા જતા પ્રભાવ સામે ખુદ પાર્ટીનાં વર્તુળોમાં સમાંતર નેતૃત્વ ઊભું કરવાની ગડમથલ ચાલતી રહી. સાળાબનેવી - પ્રમોદ મહાજન અને ગોપીનાથ મુંડેના પ્રભાવને ખાળી શકે એવો કોઈ ચહેરો પાર્ટી પાસે નહોતો. કમનસીબે આ બેઉ નેતાઓ કમોતે અને કસમયે મર્યા, એથી જે અવકાશ સરજાયો એમાં મોદીની આંગળી ઝાલીને દેવેન્દ્ર ફડણવીસ જેવા નવા નેતાનો ઉદય સંભવિત બન્યો. મુંડેનું મૃત્યુ માર્ગ અકસ્માતમાં દિલ્હી આખે થયું હતું. ત્યારે તેઓ મોદી કેબિનેટમાં મંત્રી હતા. મુંડેના લોકપ્રભાવનો લાભ જતો કરવો પાર્ટીને પોસાય એમ નહોતો, એટલે એમનાં ઝુંઝારું સુપુત્રી પંકજા મુંડેને રાજકીય ક્ષેત્રે સક્રિય કરાયા હતાં. પંકજાએ આગવી કરિશ્મા તથા પ્રતાપી પિતાની સેવાના વારસાના બળે સારી લોકપ્રિયતા હાંસલ કરી હતી અને એમને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદનાં દાવેદાર તરીકે પણ રજૂ કરાતાં રહ્યાં હતા. પરંતુ કેન્દ્ર દેવેન્દ્ર ફડણવીસની સાથે હોઈ પંકજાની મહેચ્છા અધૂરી જ રહેવા પામી હતી. પંકજા ગઈ ચૂંટણીમાં એમની પરંપરાગત બેઠક જાળવી ન શક્યાં એથી એમની પાર્ટી ઉપરની પકડ ઢીલી થઈ ગઈ. પછી તો જે રાજકારણ રમાયું એમાં પંકજાની સતત ઉપેક્ષા જ થતી રહી, તે ત્યાં સુધી કે એમને પાર્ટીની મહત્ત્વની સમિતિઓમાંથી પણ બાદ કરી દેવાયાં. વીફરેલી વાઘણની જેમ પંકજા મુંડેએ પિતાની તિથિ પર વિશાળ રેલી યોજીને પોતાની દૂંટીની વેદના રજૂ કરી છે. પોતે પાર્ટી છોડવા નથી માગતાં, પરંતુ પાર્ટીને પોતાની જરૂર ન હોય તો તે ભલે પોતાને હાંકી કાઢે. શિવસેના સાથે અંદરખાને થઈ ગયેલી સાંઠગાંઠનો સંકેત પણ એમણે આડકતરી રીતે આપી દીધો છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ પોતાના 'ભાઈ' ગણાવ્યા છે. રેલીમાં એકનાથ ખડસે જેવા સિનિયર ભાજપી નેતા ઉપરાંત પ્રદેશ પ્રમુખ પણ હાજર હતા. ટૂંકમાં પંકજાને પાર્ટીમાંથી રૂખસદ આપવી ભાજપને ભારે પડી શકે છે. પંકજા તો ભાજપ પોતાના પિતાની અમાનત છે, એવું માન છે. પરંતુ જો રાષ્ટ્રીય નેતૃત્વ પાર્ટીમાં મહત્તવ આપવા ન જ ઈચ્છતું હોય તો પોતે આરામથી શિવસેના સાથે જોડાઈ નવાં સમીકરણો માંડી શકે છે એવી ગર્ભિત ચીમકી આપી એમણે દેવેન્દ્ર ફડણવીસથી લઈ અમિત શાહ અને મોદી સહિતના નેતાઓને પડકાર જ ફેંક્યો છે.

મૈં કલ કે બારે મે કભી નહીં સોચતી... હો રહેગા કુછ ના કુછ ઘબરાયે ક્યા... ઝિંદગી સિર્ફ એક ઈત્તફાક કા નામ હૈ...

મૈં કલ કે બારે મે કભી નહીં સોચતી... હો રહેગા કુછ ના કુછ ઘબરાયે ક્યા... ઝિંદગી સિર્ફ એક ઇત્તફાક કા નામ હૈ...

- આદમી ઔર ઇન્સાન

ડાયલોગથી દેવભાષા

ડૉ. જય ઓઝા

૧૯૬૯ બી.આર.ચોપરાના બેનર હેઠળ બનેલી આ ફિલ્મનું દિગ્દર્શન યશ ચોપરાએ કર્યુ હતુ. ધર્મેન્દ્ર,સાયરા બાનુ,ફિરોઝ ખાન અને મુમતાઝના અભિનયના અજવાળા પાથરતી આ ફિલ્મ સુપર હિટ રહી હતી.આ એક માત્ર ફિલ્મમાં યશ ચોપરા અને ધર્મેન્દ્રએ સાથે કામ કર્યુ છે. આ ફિલ્મની કથા અખ્તર અલ ઈમાન દ્વારા લખાઈ છે. ફિલ્મમાં આ સંવાદ મુમતાઝના મુખે બોલાવવામાં આવ્યો છે.

વાસ્તવિક જીવનમાં પણ જીવન જીવવાની મોટી સંજીવન ઔષધિ જેવું આ વાક્ય છે. ભવિષ્ય માટે ખૂબ જ વિચારતા રેહવુ એ તો નરી મૂર્ખામી જ છે. છતાં આપણે પીંજરે પૂરાયેલા પોપટને મુખે બોલાતી વાણીના ભરોસે આપણી જીંદગી વીતાવતા રહીએ છીએ.

ન ભૂતો ન ભવિષ્યતિ જેવો કાલજયી ગ્રંથ એટલે પંચતંત્ર. આ અદભૂત કથા ગ્રંથમાં ઉપરના સંવાદ જેવું જ અર્થસામ્ય ધરાવતી એક પંક્તિ મળી આવે છે.

ન હિ ભવતિ યન્ન ભાવ્યં ભવતિ ચ ભાવ્યં વિનાપિ યત્ન ।
કરતલગતમપિ નશ્યતિ યસ્ય તુ ભવિત્વ્યતા નાસ્તિ ॥

- પંચતંત્ર

- જે થવાનું નથી તે નથી જ થવાનું.જે થવાનું છે તે કોઈપણ પ્રકારના પ્રયત્ન વિના પૂરું થઈ જાય છ.જે મળવાનું નથી તે હાથમાં આવવા છતાં નાશ પામે છે.

ઈ.સ.ની બીજી સદી હોય કે ૧૯૬૯ની ઓગણીસમી સદી..આપણાં ગ્રંથોના જ વચનો વળી પાછા સૌએ અપનાવવા પડ્યા છે. પંચતંત્ર, હિતોપદેશ,રામાયણ અને મહાભારત... આ ગ્રન્થોનો અભ્યાસ બાળકોને ફરજીયાતપણે કરાવવો જ રહ્યો. મૂલ્યનિષ્ઠ શિક્ષણ આજના એકપણ પાઠ્યપુસ્તકોમાં કે શૈક્ષણિક સંસ્થાનોમાં પીરસાતું નથી. શાળામાં બાળકોને નિત્ય આનંદ મળવો જોઈએ,તેની બદલે નિત્યાનંદોથી સંકુલ વગોવાઈ રહ્યા છે..

આવા સમયે આપણા પુરાતન શ્રેષ્ઠ ગ્રંથો પાસે પાછા ફરી જવાનો સમય પાકી ગયો છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

સ્ટેચ્યુ ઓફ યુનિટી : લોખંડી પુરુષની પૂણ્યતિથિએ લેખાંજલિ!

આમ તો આ લખનારને હળવા હાસ્ય કટાક્ષના લેખો લખવાનો શોખ છે પરંતુ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' જોયા પછી તો એ અંગે લખવામાં પણ ચિત્ત પ્રસન્નતા અનુભવે છે !

યોગાનુયોગ ૧૫મી ડિસેમ્બરે એ મહાન વિભૂતિની પુણ્યતિથિએ આ લેખ દ્વારા તેમને લેખાંજલિ આપવાનો આ પ્રયાસ છે.

૧૮૨ મીટર ઊંચી દુનિયાની સૌથી ઊંચી સરદાર પટેલની અદ્‌ભુત, અકલ્પનીય અને અવિશ્વનીય પ્રતિમાને નજીકથી દર્શન કરવા એ પણ એક અલૌકિક અનુભવ બની રહે. અમિતાભ બચ્ચના શબ્દોમાં કહીએં તો 'યે સ્ટેચ્યુ નહીં દેખા તો કુછ નહીં દેખા!' તાજેતરમાં એ જોવાનો આ લખનારને લ્હાવો મળ્યો.

આ મૂર્તિની વીઝીટ દેશના અનેક રાજયોના તેમજ દુનિયાના હજારો - લાખો ટુરીસ્ટ લઈ રહ્યા છે ત્યારે આપણા ગુજરાતીઓ-ગાંધીનગરના લોકોને કે જેમને ત્યાં જવું હોય તેમના માટે અહીં કેટલીક વિગતો પ્રસ્તુત કરું છું.

● આ સ્થળે જવા માટે અમદાવાદ-ગાંધીનગરથી રોડ રસ્તે વડોદરા - ડભોઈ (બાયપાસ) થઈને જતાં ચારેક કલાક થાય છે.

પોતાના વ્હીકલ લઈને જઈએં તો અનુકૂળતા રહે. થોડા સમય પછી તો (બનતા સુધી ૩૧મી ઓકટોબર, ૨૦૨૦ થી (વડોદરાથી સ્ટેચ્યુ સુધીની ટ્રેન પર ચાલુથઈ જશે. (આ અંગે એક આડ વાત અહીં લખું છું. આ લખનારે થોડા સમય પહેલા આપણા વડાપ્રધાનને એક પત્ર દ્વારા વિનંતી કરી છે કે જો ૩૧-૧૦-૨૦૨૦થી ગાંધીનગરની દાંડીકુટીરથી (ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશનથી) સ્ટેચ્યુ ઓફ યુનિટીની ટ્રેન શરૂ કરી શકાય તો તે ગાંધીનગરવાસીયો માટે એક વધારે ઉપહાર ગણી શકાશે. એક વિભૂતિના સ્મારકથી બીજી વિભૂતિના સ્મારક સુધીની ટ્રેન ! અને આમ ગાંધીજીએ એક વાર કહેલું કે 'જો મને વલ્લભભાઈ મળ્યા ન હોત તો આટલું કામ હું કરી શક્યો ન હોત!')

● વિઝિટનો ટાઈમ સવારે ૮ થી સાંજના ૬ વાગ્યા સુધીનો છે. સોમવારે બંધ રહે છે અને શનિ-રવિ ગીર્દી ઘણી હોય છે તેથી મંગળથી શુક્રવારનો દિવસ પસંદ કરવો જોઈએ.

● સ્ટેચ્યુની નીચે વિશાળ મ્યુઝિયમ છે જેમાં ઓડિયો-વીડિયો થિયેટર તેમજ સરદાર પટેલના વિશાળ સ્ટેચ્યુ અને લેટેસ્ટ ટેકનોલોજીનો ઉપયોગ કરીને બનાવેલ એક્ઝીબિસ્ટ છે. સ્ટેચ્યુની વ્યુઈંગ ગેલેરી ૪૫મા માળે છે. (સ્ટેચ્યુના છાતી-ખભાના ભાગે છે. તેનાથી ઉપર જઈ શકાતું નથી.)વ્યુઈંગ ગેલેરીમાં જવા માટે ૨ લીફ્ટ છે.

જે લોકોને ચાલવાની તકલીફ હોય તેમને માટે વ્હીલચેર તેમજ તે માટેના સ્ટાફની વ્યવસ્થા પણ છે જે કિફાયત દરે મળી રહે છે. વ્હીલચરેથી વ્યુઈંગ ગેલેરી સુધી તેમજ આ આખા કોમ્પલેક્ષમાં ફરી શકાય છે.

સ્ટેચ્યુના વિશાળ ચપ્પલ સાથેના પગ પાસેથી સ્ટેચ્યુની ફરતેની ગેલેરીમાં ફરતા રોમાંચ અનુભવાય છે. આ કોમ્પલેક્ષમાં હાથમાં નાની બેગ કે પાઉચ, મોબાઈલ વિ. લઈ જઈ શકાય છે. પરંતુ ખાવાની વસ્તુ લઈ જઈ શકાતી નથી. ફોટોગ્રાફીની છૂટ છે.

આ કોમ્પલેક્ષમાં વીઝીટ માટેના ૨-૨ કલાકના સ્લોટ હોય છે. અમે બપોરે ૨ થી ૪ નો સ્લોટ પસંદ કરેલ હતો. કારણ કે ત્યારબાદ સાંજના સમયે કોમ્પલેક્ષની બહારના પોઈન્ટસ સાંજના સમયે જોવામાં અનુકૂળતા રહે. જેમાં વેલી ઓફ ફલાવર, ડેમ સાઈટ, વ્યુઈંગ પોઈન્ટ, વોલ ઓફ યુનિટી, વિગરે. વેલી ઓફ ફલાવર સાંજના સમયે જ જોવાની મજા આવે.

આ બધું જોતાં સાંજનાં સાત / સાડા સાત થઈ જાય ત્યારે સ્ટેચ્યુ પરનો લેસર શો જોઈ શકાય છે. તે માટે અસંખ્ય બેન્ચની વ્યવસ્થા છે. તેમ છતાં મોડા પડીએ. તો એ બધાં ફૂલ થઈ જાય છે. તેથી ટાઈમે ત્યાં પહોંચી જવું જોઈએ. લેસર શો પચીસેક મિનિટનો હોય છે.

● હજુ તો જંગલ સફારી વિ. જેવા ઘણા નવા નવા આકર્ષણો ઉમેરાતા જાય છે.

● આખી વિશાળ સાઈટ પર વૉશરૂમ, કેન્ટીન વિ.ની સરસ વ્યવસ્થા છે. સ્ટાફ પણ વિનયી છે.

● આ મહાન વિભૂતિના અદ્‌ભૂત સ્મારક માટેના વિઝનરી આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબને સલામ.

- ચિત્રસેન શાહ

શિક્ષણ તથા કળાના આજીવન ઉપાસક : કાકાસાહેબ કાલેલકર

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

સાબરમતી એટલે અમદાવાદને ભીંજવીને આગળ વધતી માત્ર નદી નથી પરંતુ તેના યથાર્થ ભાતીગળ વૈભવનું દર્શન કરવા માટે 'સવાઈ ગુજરાતી' કાકાસાહેબ કાલેલકરે લખેલી વાત કાન દઈને સાંભળવા જેવી છે. કાકાસાહેબ લખે છે :

જયાં સુધી ભારતનો ઈતિહાસ દુનિયાને બોધદાયક હશે અને ભારતના ઈતિહાસમાં મહાત્માજીનું સ્થાન કાયમ હશે ત્યાં સુધી સાબરમતીનું નામ દુનિયાને મોઢે ચડેલું રહેશે.

ગાંધી ગૌરવ સાથેજ સાબરમતીનું ગૌરવ અભિન્ન રીતે જોડાયેલું છે તે આ નદી તેમજ 'નદીની રેતમાં રમતા નગર' માટે સદભાગ્યની બાબત છે. કાકાસાહેબ સાબરમતીને 'ગુર્જરમાતા' તરીકે સંબોધન કરીને લખે છે. ગુજરાત વિદ્યાપીઠના કેટલાક વિદ્યાર્થીઓ દેશ સ્વતંત્ર થયો તે પૂર્વે કાકાસાહેબને માર્ગદર્શન માટે મળે છે. વિદ્યાર્થીઓ ગાંધીની લડતના રંગે રંગાયેલા છે. કાકાસાહેબને આવી પૂછે છે : '' અમારે એક માસિક શરૂ કરવાનું છે. માસિકનું નામ શું રાખીએ ?'' વિદ્યાર્થીઓ કાકાસાહેબનો જવાબ સાંભળવા ઉત્સુક બનેલા છે. કાકા લખે છે. તેઓ એ સમયમાં (નામ પાડવાનું) ફઈબાનું કામ પણ કરતા ! કાકાસાહેબે શિઘ્ર જવાબ આપ્યો : ''સાબરમતી''. સાબરમતી નામ યુવાનોને રુચ્યુંનહિ. તેઓ વિચારતા હતા. ''સાબરમતી તો આપણી હમેશની નદી. રોજ તેમાં આપણે નાહીએ છીએ. એમાં તે વળી નાવીન્ય શું છે ? કાકાસાહેબે યુવાનોને આપેલો જવાબ સ્મૃતિમાં રહી જાય તેવો છે. કાકાએ કહ્યું : '' સાબરમતીનો પ્રવાહ સનાતન છે અને તેથીજ તે નિત્ય નૂતન છે.'' યુવાનોએ તો કાકાસાહેબનું માન જાળવવા માટે તેમની વાત સ્વીકારી હતી. વિદ્યાર્થીઓનો સબંધ સાબરમતી સાથે સ્વેચ્છાએ બંધાય તે માટે કાકાસાહેબે પોતાના સાથી અને ગાંધીજીના ચૂસ્ત અનુયાયી નરહરિભાઈને કહી સાબરમતી પર એક લેખ લખાવ્યો. આબુ પર્વતની આ જયેષ્ઠ તથા શ્રેષ્ઠ નદી પરનો સુંદર લેખ વાંચીને વિદ્યાર્થીઓની સૂતેલી ભાવના જાગૃત થઈ. ''સાબરમતી'' નામ પોતાના માસિક માટે તેમણે હરખભેર સ્વીકાર્યું. લોકમાતા સરિતાઓનું સતત દર્શન કરીને કાકાસાહેબનું ગદ્ય પાંગરેલું છે. કુદરતી પ્રવાહો તેમજ કુદરતના અસંખ્ય સ્વરૂપોને કાકાસાહેબે માણ્યાં છે તેમજ પોતાના લખાણોમાં ઉતાર્યા છે. નદીઓ – સરોવરો – પહાડો તેમજ ખેતરોનું ખુલ્લી આંખે દર્શન કરીને કાકાસાહેબ હળવાફૂલ થયા છે. તેમના જીવનમાં રસવૃધ્ધિ થઈ છે. આપણી આસપાસની આ કુદરતી દુનિયા સાથેનું જોડાણ નબળું પડતાં કે તેનો વિચ્છેદ થતાં આપણે આપણાં મૂળિયાથી દૂર ધકેલાઈ ગયા છીએ. કણ્વ ઋષિની પાલક પુત્રી શકુંતલાને પણ મહારાજા દુષ્યંતના રાજયમાં જતી વખતે વનસ્પતિ તથા પ્રાણી શ્રૃષ્ટિ સાથે વિચ્છેદાયાની વેદના છે. કાકાસાહેબના લખાણોનું અખંડ અનુસંધાન કુદરતની ફેલાયેલી સૃષ્ટિ સાથે જોડાયેલું છે. આ જોડાણ જીવન પર્યંત રહેલું જોઈ શકાય છે. પોતાની જેલયાત્રા દરમિયાન પણ ચાર દિવાલો વચ્ચે કાકા પોતાની આનંદયાત્રા ચાલુ રાખી શક્યા. કારણ કે આનંદના અસંખ્ય અનુભવો તેમના ઊંડા હૈયે ધરબાયેલા અને જીવંત રહ્યા હતા. કાકાસાહેબના લખાણોમાં ઉભરાતી રહેલી છટા તેમની કૃતિઓને કાવ્યની કક્ષાએ પહોંચાડે છે તેવો વિદ્વાનોનો મત યથાર્થ છે. ૧૮૫૫ના ડીસેમ્બર માસમાં જન્મ લેનાર સાહિત્યના આ ગુરુશિખરનો સર્જન વૈભવ વઆજે પણ જગતના ચોકમાં ઝળહળે છે. ૧૯૬૦માં તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે વરણી પામ્યા હતા. પધ્મવિભૂષણથી સન્માનિત કાકા આજીવન અધ્યાપક રહી શક્યા હતા. ૧૯૮૧ના ઓગસ્ટ માસમાં તેઓ આ ધરતી પરથી ચિરવિદાય લઈને ગયા હતા. કિશોરલાલ મશરૂવાલાએ લખ્યું છે તેમ કાકાસાહેબ જીવનભર ભણાવવાનો, લખવાનો તેમજ બોલવાનો સતત પુરુષાર્થ કરેલો છે. ''કાકાસાહેબ એટલે જ્ઞાનને ચારે દિશાએથી તેમજ વિસ્તૃત રીતે જોનાર તેમજ પચાવનાર રત્ન સમાન વ્યક્તિત્વ.'' લીલાવતી મુનશીની આ વાત કાકાના જીવનકાર્યને બંધ બેસતી છે. સ્વરાજય મેળવ્યા પછી શું કરશો એ પ્રશ્નના જવાબમાં કાકાસાહેબ કહેતા : ''આપણે તો શિક્ષક રહી પ્રજામાં પ્રાણ ફૂંકવાનું કામ કરવું છે.''

ગાંધીયુગની આકાશગંગામાં પર્ણકળાએ ખીલેલા અનેક ઝળાહળા વ્યક્તિત્વોમાં કાકાસાહેબનું નામ અગ્રહરોળમાં મૂકવું પડે. બાપુના પ્રત્યક્ષ અને પરોક્ષ સંપર્ક થકી તેમની કલમ ખીલતી અને સતત વિકસતી રહી છે. જન્મે મરાઠી ભાષી હોવા છતાં ''ગુજરાતી ભાષાને ભાષાને આત્મગત કરી અપૂર્વ દક્ષતાથી પ્રયોજનાર કાકા બહુશ્રુત વિદ્વાન હતા.'' તેમ સુન્દરમે લખ્યું છે.

હિમાલય તરફનો કાકાસાહેબનો વિશિષ્ટ લગાવ છે. જો કે હિમાલયમાં કોઈક એવી અદ્‌ભૂત શક્તિ છે કે અનેક લોકોને સદીઓથી તેના તરફ આકર્ષણ રહેલું છે. સ્વામી આનંદની હિમાલયની રઝળપાટ સુપ્રસિધ્ધ છે. કાકાસાહેબે પોતાને જીવનભરના રખડુ તરીકે ઓળખાવ્યા છે. હિમાલયની ભવ્યતા કાકાના શબ્દોમાં ઝળકી ઉઠી છે. કાકાસાહેબ લખે છે :

''આ હિમાલયે શું નથી જોયું ? પૃથ્વી પરના અસંખ્ય ધરતીકંપ તથા આકાશના હજારો ધૂમકેતુને તેણે નિહાળ્યા છે. મહાદેવના વિવાહ એણેજ કરી આપ્યા છે. પાંડવોની મહાયાત્રા એણેજ સફળ કરી છે. સત્તાવનની સાલના (૧૮૫૭) પરાક્રમના શિકસ્ત મળવાથી હતાશ તેમજ નાસીપાસ થયેલા વીરો તથા મુત્સદીઓને હિમાલયેજ આશ્રય આપ્યો છે.... આર્યાવર્તના એક એક જમાનાના પુરુષાર્થ હિમાલય જાણે છે.''

કાકાસાહેબનું હિમાલયનું વર્ણન વાંચીને ઈકબાલના અમર શબ્દો –''વહ સંતરી હમારા વહ પાસબાં હમારા'' યાદ આવે. ૧૯૬૨ના યુધ્ધમાં મૃત્યુને વહાલું કરનાર અનેક વીરોને જોઈને નગાધિરાજે પીડાનો ભાવ અનુભવ્યો હશે. પહાડો કે નાની મોટી ટેકરીઓ પણ આપણાં ઈતિહાસનો એક અભિન્ન ભાગ છે. કાકાસાહેબના ગદ્ય થકી હિમાલય તરફ જોવાની એક વિશેષ દ્રષ્ટિ કેળવાય છે.

ગાંધીના જીવનમાંથી પ્રેરણા લઈને પોતાનું ઘડતર કરનાર કાકાસાહેબ આપણું અમૂલ્ય બૌધ્ધિક રત્ન છે. આપણાં આ પરિવ્રાજક આચાર્યની સ્મૃતિ કદી વિસરી શકાય તેવી નથી. કાકાસાહેબે જગતને સૌંદર્યદ્રષ્ટિથી જોયું તેમજ અનુભવ્યું. આ સૌંદર્યનો મહાપ્રસાદ તેઓ આપણાં સુધી પહોંચાડીને ગયા. ડિસેમ્બરની શિતળતામાં કાકાસાહેબ કાલેલકરની સ્મૃતિ ઉષ્માનો સુખદ અનુભવ કરાવે છે.

બાપુનો વિચાર : કહેવા કરતાં કરવું સારું

મહાત્મા ગાંધી 'સ્વચ્છતા'ના વૈશ્વિક એમ્બેસેડર



ગાંધી ૧૦૦

ડૉ. રાજેન્દ્ર જાની

'સ્વચ્છતા' એ બાપુના મન હૃદયે હંમેશા વસેલો મંત્ર હતો. 'મારું જીવન એ જ મારો સંદેશ' - એ ગાંધીને સમજવા માટેનું આપણા માટે હાથવગું વાક્ય છે. એ પોતે જ કોઈ કામને નાનું કે મોટું માનતા નહીં. અને એમાં પણ જો વાત સ્વચ્છતાની હોય તો એ કામ હાથમાં લેવું એજ એમના ભરચક કાર્યક્રમોની વચ્ચે ટોચ અગ્રતાનું રહેતું હતું. બાપુના જીવન પ્રસંગોમાં સ્વચ્છતા અંગેના અનેક પ્રસંગો કે જેમાં તેઓ સીધા જોતરાઈ ગયા હોય એવા મળે છે.

મહાત્મા ગાંધી હંમેશા સ્વચ્છતા ઉપર ધ્યાન આપતા હતા. જેમ તેમને મનુષ્યની આંતરિક સ્વચ્છતા જોઈતી હતી તેવી જ રીતે તેમને બાહ્ય સ્વચ્છતા પણ એટલી જ ગમતી હતી. સ્વચ્છતા સંદર્ભના તેમના કાર્ય-પ્રસંગો પૈકી મનુબેને નોંધેલો એક પ્રસંગ આપણે અક્ષરશઃ જોવા જેવો છે. મનુબેન તેમનો નોઆખલીનો અનુભવ નોંધે છે.

'નોઆખલીમાં રસ્તા પગદંડીના નાનકડા હતા. કોઈ કોઈ રસ્તો તો એટલો સાંકડો હોય કે મને પાછળ રાખીને બાપુજી એકલા જ પગદંડી પર ચાલી શકે. એથી મારો ટેકો ન મળે એટલે બીજી તરફ ટેકા માટે એમને લાકડી રાખવી પડે. ગમે ત્યાં ગંદકી હોય એ બાપુને બહું ખૂંચતું. ખુલ્લા પગે એમને એવા ગંદા રસ્તા પર ચાલવું પડતું.'

આજુબાજુમાં મળ, થૂંક, કચરો ઈત્યાદિ પડેા હતા તે બધું આજુબાજુથી પાંદડા લઈ પોતે સાફ કરવા લાગ્યા. હું થોડી વાર આભી જ બની ગઈ. ગામડાનાં લોકો પણ આ દશ્ય જોઈ રહ્યા હતા.

મેં બાપુને ગુસ્સામાં કહ્યું : 'બાપુજી, આપ મને શા માટે શરમાવો છો ? હું અહીં પાછળ હતી, છતાં મને કહેવાને બદલે આપે સાફ કેમ કર્યું.'

એના જવાબમાં બાપુજી હસ્યા ને બોલ્યા : 'તને કયાં ખબર છે કે મને આવાં કામો કરવામાં કેટલો બધો આનંદ આવે છે? હું કહું એના કરતાં કરી નાખું તેમાં મને કેટલી ઓછી તકલીફ પડે?'

મેં કહ્યું : 'પણ આ ગામના લોકો જોઈ રહ્યા છે.'

બાપુજીએ કહ્યું : 'તું જોજે, આવતીકાલથી આવા ગંદા રસ્તા મારે સાફ નહીં કરવા પડે, કારણ આ ઉપરથી બધાને પાઠ મળશે કે, આવું કામ કરવું એ હલકું કામ નથી, અને જો મારે ખાતર જ સાફ કરશે તો પણ મને ખૂંચશે.'

મેં કહ્યું : 'માનો કે ફક્ત કાલ પૂરતું સાફ કરે અને પછી જેમ હતું તેમજ ગંદુ રહેશે તો આપ શું કરશો?'

એટલે ઊલટાની મને પકડી. મને કહે : 'હું તને જોવા મોકલીશ અને ફરી પાછો ગંદો રસ્તો હશે તો હું સાફ કરવા આવીશ. અસ્વચ્છતામાંથી સ્વચ્છ કરવું એ તો મારો ધંધો છે.'

સાચે જ એવું બન્યું. બીજે દહાડે હું જોવા ગઈ તો રસ્તો ગંદો હતો. પણ બાપુને કહેવા ન જતાં હું જ સાફ કરીને પાછી ફરી. બાપુને કહ્યું : 'હું રસ્તો સાફ કરીને આવી. મારી સાથે ગામના લોકો પણ ભળ્યા હતા, અને આજે તો વચન આપ્યું ચે કે આવતીકાલથી તમે ન આવશો, અમે પોતે જ સાફ કરીશું.'

બાપુજી કહે : 'તેં મારું પુણ્ય લઈ લીધું. એ રસ્તો મારે જ સાફ કરવો હતો, પણ બે કામ થયાં : 'એક તો સ્વચ્છતા જળવાશે અને બીજું લોકો આપેલું વચન પાળશે તો સત્યતા શીખશે.' અને એ રસ્તો હંમેશને માટે સાફ રહ્યો.'

બાપુએ ઉપરના પ્રસંગનો ઉલ્લેખ કરીને ત્રણચાર દિવસ પછી મને કહ્યું : 'આપણા કાઠિયાવાડમાં રસ્તા ગંદા કરવાની બધાને કેટલી ગંદી ટેવ છે ! એટલે તું એમ ન માની કે, રસ્તામાં કે ગલીઓમાં પાયખાને બેસી જવાની અથવા થૂંકવાની નોઆખલીના જ લોકોની ટેવ છે. હિંદુસ્તાનમાં ઘણી જગ્યાએ આ કુટેવ છે. તેમાં કાઠિયાવાડમાં ખાસ છે. એ સુધારણા કરવાની બચપણમાં મારી ઉમેદહતી. પણ નસીબ જોગ કાઠિયાવાડમાં હું બહું વર્ષો સ્થાયી રહી ન શક્યો. તને મારી પર ગુસ્સો આવ્યો હતો તે ખોટો હતો. કેમ કે જાતે ખાઈએ તો જ પેટ ભરાય. તેવો જ સ્વચ્છતાનો મારે માટે નિયમ છે. હું જાતે જ સફાઈ કરું તેમાં મને અનહદ આનંદ આવે છે.'